R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 20•ISSUE: 49 DATE: 03-12-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ક્યુબાના ક્રાંતિકારી નેતા ફિડેલ કાસ્ટ્રોનું નિધન

ક્યુબાના કોમ્યુનિસ્ટ અને ક્રાંતિકારી નેતા જેણે અમેરિકાને હંફાવી દીધું તેમણે ૯૦ વર્ષની વયે જીવનલીલા સંકલી લીધી.આશરે પાંચ દાયકા સુધી સત્તા પરથી ફેકી દેવાના અમેરીકાના પ્રયાસોને મચક ન આપનારા કાસ્ટ્રોના નિધનથી એક યુગનો અંત આવ્યો છે.દેશ વિદેશના દિગ્ગજોએ તેમને શ્રધ્ધાંજલી આપી હતી.ક્યુબાએ નવ દિવસનો શોક જાહેર કર્ય છે. ફિડેલના અંતિમ સંસ્કાર સેન્ટીઆગો ડી ક્યુબામાં કરવામાં આવનાર છે. ફિડેલ કાસ્ટ્રોના ભાઈ રાઉસ કાસ્ટ્રોએ તેમના નિધનના સમાચારો આપ્યા હતા. ૨૦ સદીના બીજા ભાગમાં સમગ્ર વિશ્વની એક જાણીતી હસ્તી ફિડેલ કાસ્ટ્રો સોવિયત સામ્યવાદના અંત બાદ પણ તેમની વિચારસરણી બાદ તેમની વિચારસરણીને તેઓ વળગી રહ્યા હતા.જો કે તેઓ પોતાના સરમુખ્યતારશાહી શાસન સામે પણ વિશ્વના અને ભાગોમાં વ્યાપકપણે સન્માનને પાત્ર રહ્યા હતા. એવું કહેવાય છે કે ૪૯ વર્ષમાં ફિડેલને મારવાના ૬૩૮ વખત પ્રયાસો થયા હતા પરંતુ તેઓ બચી ગયા હતા. ૨૦૦૬માં આંતરડાની બિમારીને કારણે તેઓ લગભગ મોતની નજીક પહોચી ગયા હતા. જો કે તેમાંથી ઉગર્યા બાદ પણ તેમની તબિયત સારી રહી ન હતી. તેમણે એના બે વર્ષ બાદ સત્તાનું સુકાન પોતાના નાના ભાઈ રાઉલ કાસ્ટ્રોને સોપી દીધું હતું.તેમણે ૪૯ વર્ષ શાસન કર્યુ હતું.

## એનસીપી સાંસદ ભોંસલેએ કહ્યુ કે સ્થિતિ નહીં સુધરે તો લોકો બેન્ક લુંટી લેશે

નોટબંધીના પગલાં બાદ સ્થિતિમાં તત્કાળ સુધારો નહી થાય તો લોકો બેન્કોને લુંટી લેશે અને તેનો નાશ કરી દેશે તેવા એનસીપીના સાંસદ ઉદયન રાજે ભોંસલેની ટિપ્પણીને શિવસેનાએ સમર્થન આપ્યુ હતું.શિવસેનાએ કહ્યુ છે કે તેમણે (ભોંસલે)રોકડની કટોકટી અંગે લોકોની ચિંતા દર્શાવી છે. મરાઠા લડવૈયા છત્રપતિ શિવાજીના વંશજ ભોંસલે બોલ્યા હતા કે ભાજપના અનેક સાંસદો અને ધારાસભ્યો કે જેઓ તેમના મિત્રો છે તેમને પણ નોટબંધીનો નિર્ણય સ્વીકાર્ય નથી.શિવસેનાએ તેના મુખપત્ર સામાનામાં જણાવ્યુ છે કે છત્રપતિની નારાજગી સામાન્ય માણસની લાગણીનું પ્રતિનિધિત્વ કરે છે.એક વખતે ઉદયન રાજે ભાજપમાં હતા. આમ ભાજપ હવે તેમને હાંકી કાઢી ન શકે. જો સરકારમા સાહસ હોય તો તેમણે ઉદયન રાજેના નિવેદનને પડકારવા જોઈએ

## નોટબંધીથી આખો દેશ કેશલેસ બની ગયો છે : કપિલ સિબ્બલનો કટાક્ષ

વડાપ્રધાન મોદીએ કેશલેશ સમાજની હિમાયત કરી તેના કારણે કોગ્રેસી નેતા કપિલ સિબ્બલે કટાક્ષમા કહ્યુ હતું કે નોટબંધીને કારણે દેશ તો અગાઉથી જ કેશલેસ થઈ ચુક્યો છે. તેમણે કહ્યુ હતું કે ભારતનું કેશલેસ સમાજ બનવાનું સપનું ત્યારે જ સાકાર થઈ શકશે જ્યારે તેના માટે સંસ્થાગત માળખુ કે વ્યવસ્થા હશે. સિબ્બલે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યુ હતું કેજો કોઈ વ્યવસ્થા ન કરવામાં આવે તો સપનું કેવી રીતે સાકાર થઈ શકશે. તેમણે કહ્યુ હતું કે પ્રથમ વ્યવસ્થા કરવી પડશે. આ દેશમાં ૭૦ કરોડથી વધુ લોકો પ્રતિ માસ રૂ ૧૦,૦૦૦ કમાય છે.જે તેઓ બેન્કમાં જમા કરી શકતા નથી.આવા લોકો શું કરશે ?મનકી બાતમાં વડાપ્રધાને લોકોને લેવડદેવડની કેશલેસ તરફ વળવા અપીલ કરી હતી.

કોગ્રેસના નેતા કપિલ સિબ્બલે દાવો કર્યો હતો કે નોટબંધીને કારણે થતી મુશ્કેલીઓથી પીડીત સામાન્ય જનતા કોગ્રેસ તરફ ઝુકી શકે છે.ને આગામી ઉત્તર પ્રદેશ વિધાનસભા ચુંટણીમાં એ સ્પષ્ટ નજરે પડશે, જ્યોર નોટબંધીનો નિર્ણય ભાજપ માટે બુમરેગ સાબિત થશે

## જમ્મુમાં આતંકી હુમલામાં બે અધિકારી સહિત ૭ શહીદ

ઉરીમાં થયેલા જધન્ય હુમલા પછી ભારતીય આર્મીની ૨૯મી સપ્ટે.ની સર્જીકલ સ્ટ્રાઈકના બરાબર બે મહિના બાદ પાકિસ્તાની આતંકીઓએ જમ્મુ-કાશ્મીરમાં બે હુમલા ક્ર્યા હતા.જેમાં સેનાના બે અધિકારીઓ સહિત સાતના મોત નિપજ્યા હતા.બે સ્થળે કરવામાં આવેલા આ હુમલામાં સાત આતંકીઓ ઠાર મરાયા હતા.

આતંકીઓના એક જુથે બીએસએફની ચોકી પર હુમલો કર્યો હતો અને તેની સાથે જ એક અન્ય જુથે સરહદની ફક્ત પંદરેક કિલોમીટર દુર આવેલા નાગરોટા સ્થિત સેનાની ૧૬મી કોરના વડામથક નજીક આવેલા રેજીમેન્ટ ઓફિસર્સ મેસને નિશાન બનાવી હતી.જો કે બેઉ હુમલામાં બીએસએપે આતંકીઓને ઠાર કર્યા હતા.બીએસએફના ડીઆઈજી રેન્કના અધિકારી સહિત આઠ જવાનને ઈજા પહોચી હતી.આતંકીઓએ હુમલો કરીને ઓફિસર્સ મેસનો કબજો કરી લીધો હતો.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## કાળા નાણાં જાહેર કરી ૫૦ ટકા ટેક્સ કપાવી ધોળા કરવાની સરકારે છુટછાટ આપી

નોટબંધી બાદ બેન્કોમાં જમા કરાવેલા કાળા નાણાં પર ટેક્સની વસુલાત માટે કેન્દ્ર સરકારે લોકસભામાં આવકવેરા કાયદામાં સુધારો કરતો ખરડો રજુ કર્યો.સરકારે આ ખરડામાં નોટબંધી બાદ બેન્કોના ખાતાઓમાં જમા કરાવાયેલી જાહેર નહીં કરેલી આવક પર ૫૦ ટકા ટેક્સ, પેનલ્ટી અને સરચાર્જની વસુલાતનો પ્રસ્તાવ મુક્યો છે.તે ઉપરાંત જાહેર નહીં કરેલું કાળુ નાણું પાછળથી ઝડપાશે તો તેના પર ૮૫ ટકા પેનલ્ટીની વસુલાત કરાશે.

નાણામંત્રી અરુણ જેટલીએ આ ખરડો લોકસભામાં રજુ કર્યો હતો.ખરડામાં કરાયેલી જોગવાઈ મુજબ અધોષિત આવક જાહેર કરનારે તે રકમના ૨૫ ટકા ફરજીયાત વડાપ્રધાન દ્વારા જાહેર કરાયેલી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ ડિપોઝીટ સ્કીમમાં ચાર વર્ષ સુધી જમા કરાવવી પડશે આ સ્કીમ ચાર વર્ષ સુધી રકમ પાછી નહીં આપે.

જે લોકો નોટબંધી બાદ પણ કાળા નાણાં જાહેર કરતાં નથી અને જો તેમની અઘોષિત આવક ઝડપાશે તો તેમના માટે સરકારે આકરાં પગલાંની જોગવાઈ ખરડામાં કરી છે.જો કે સરકાર કાળા નાંણાના મામલે જે રીતે પગલાં લઈ રહી છે તે મુજબ ખરેખર સામાન્ય અને મધ્યમવર્ગી લોકોને મુસીબત પડી રહી છે.

## ભારતીય રાજકારણમાંથી મોદીને નાબુદ કરવાના પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના શપથ

નોટબંધી વિરુધ્ધ કોલકતામાં વિશાળ રેલીનું આયોજન કરનારા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ વડાપ્રધાન મોદીને પડકાર ફેક્યો હતો કે હું નોટબંધીના મામલે મોદીને ભારતની રાજનીતિમાંથી હટાવી દઈશ.નોટબંધીના કારણે ગરીબો ઘણી સમસ્યાનો સામનો કરી રહ્યા છે.હું આજે પ્રતિજ્ઞા લઉ છું કે હું જીવું કે મરુ પરંતુ પીએમ મોદીને ભારતીય રાજકારણમાંથી નાબુદ કરી નાંખીશ.મમતા બેનરજીએ તાત્કાલિક અસરથી નોટબંધીની યોજના પાછી ખેચવાની માંગ કરતાં મોદી હાય હાયના નારા લગાવ્યા હતા.તેમણે કહ્યુ હતું કે દેશમાં સરમુખ્યતારશાહી ચાલશે નહીં.

મમતાએ જણાવ્યુ હતું કે નોટબંધીના કારણે બજાર,સિનેમા, યાત્રા તમામ પર અસર પડી છે. પરંતુ મોદીને સામાન્ય નાગરિકોની ચિંતા નથી. વડાપ્રધાને અચાનક ભગવાનની જેમ નિર્ણય લીધો છે. તેમણે કોઈને પુછ્યુ નથી કે ૫૦૦ અને ૧૦૦૦ ની નોટની જરુર છે કે નહીં અને અચાનક નોટબંધીની જાહેરાત કરી નાંખી હતી.

કોલકત્તામાં મમતા બેનરજીએ નોટબંધીના મામલે પાંચ કીલોમીટર લાંબી વિરોધ રેલી કાઢી હતી.જેમાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા.

## નોટબંધીના મામલે બસપા સુપ્રીમો માયાવતીએ ભાજપ પર ભારતને બંધ કરાવી દીધાનો આરોપ મુક્યો હતો

યુપીના માજી મુખ્યમંત્રી અને બસપાના સુપ્રીમો માયાવતીએ નોટબંધીના મામલે ભાજપ પર આરોપ લગાવ્યો હતો કે નોટબંધીનો અમલ કરીને ભાજપે ભારતને જ બંધ કરાવી દીધો છે. તેમણે જણાવ્યુ હતું કે ભાજપ એમ કહી રહ્યો છે કે વિપક્ષે ભારત બંધનું એલાન આપ્યું છે પરંતુ હકીકત તો એ છે કે નોટબંધી લાગુ કરીને ભાજપે જ દેશને બંધ કરાવી દીધો છે.વિપક્ષમાં આ મુદ્દે કોઈ વિભાજન નથી.મોદી ભોજનના અવકાશ પહેલાં રાજ્યસભામાં થોડીવાર માટે આવ્યા હતા.પરંતુ બીજા સેસનમાં હાજર જ રહ્યા નહોતા.તેઓ જાણતા હતા કે સેશનમાં હાજરી આપીશ તો વિપક્ષના સવાલોના જવાબો આપવા પડશે.જો કે એકાએક રાજ્યસભામાં હાજરી આપીને વિપક્ષોની ચાલને મહાત કરી હતી.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

સરકારે ચલણમાંથી નાબુદ કરેલી રૂ૫૦૦ અને રૂ૧૦૦૦ની નોટો બદલાવવાનો સમય પુરો થઇ ચુક્યો છે.હવે બેંકમાં જમા કરાવવા અને ઉપાડ કરવાનો સમય છે. પરંતુ વ્યવસ્થાતંત્રની ખામીને કારણે દેશભરમાં બેન્કોની બહાર લાંબી કતારો દેખાઇ રહી છે.સામાન્ય વર્ગ ભારે તકલીફ ભોગવી રહ્યો છે.લોકો પોતાના કામ ધંધા છોડીને નવા ચલણને લેવા માટે બેન્કોની બહાર કતારોમાં ઉભા છે.ભલે સરકારે ચલણમાંથી નોટો રદ કરીને કાળુ નાણું, નકલી નોટો વિગેરે દુષણને ડામવા પગલું ભર્યું હોય પરંતુ આના કારણે દેશભરની સામાન્ય પ્રજાને ભારે તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.

લોકસભાની ચુંટણીઓ વખતે દેશની જનતાને જે પ્રકારે જાહેરમાં વચનોની લ્હાણી કરવામાં આવી હતી તે મુજબ મતદારોએ અચ્છે દિનની મહેચ્છાએ ભાજપને ભારે મતદાન કરીને જીતાડ્યો પરંતુ પ્રજા હવે ભારે મુંઝવણ ભોગવી રહી છે. મોંઘવારીના વચનો ખોટા પુરવાર થયા છે.પ્રજાને મોંઘવારીને કારણે ભારે મુશ્કેલીઓ સહન કરવી પડી છે. હવે ચલણમાં ફેરફારને કારણે પણ ભારે મુસીબતો વહોરવી પડી છે. સરકારી જાહેરાતોમાં પ્રજાએ સરકારના આ કદમને વખાણ્યુ છે તેવા ગાણાં ગવાઇ રહ્યા છે પરંતુ પ્રજા હાડમારી ભોગવી રહી છે અને તેના ઉંહકારા સરકારને સંભળાતા નથી.લગનના ગીતો અને મરશીયામાં ભેદ સરકારને જણાતો નથી.ખેર, હજુ તો સરહદોના પ્રશ્નો એવા જટીલ બની રહ્યા છે કે જેથી જવાનોની રોજ બરોજ શહીદી પ્રજાને આકરી લાગી રહી છે. છતાં પ્રજા પાસે એનો કોઇ વિકલ્પ બચ્યો નથી.

## મંતવ્ય

સરકારે ચલણમાંથી રૂ.૫૦૦ અને રૂ૧૦૦૦ની નોટો રદ કર્યા બાદ ખેડુતોની સ્થિતિમાં તકલીફો વધી છે.રાજ્યભરના માર્કેટીંગ યાર્ડોમાં માલ વેચ્યા પછી ખેડુતોને પૈસા મળ્યા નથી.૨૦ દિવસમાં અંદાજે ૨૦૦૦કરોડનું ટર્ન ઓવર થયું છે. તેની સામે ખેડુતોના ખાતામાં ૮ દિવસે રકમ જમા થતી નથી. ચેક અને આરટીજીએસ મારફત મળતા પૈસા ક્લિયર થવામાં ૮ દિવસ લાગતા હોય ખેડુતોના હાથમાં રકમ આવતી નથી.નોટ રદ કર્યાની જાહેરાત પછી પ્રથમ સપ્તાહ સુધી તો માર્કેટીંગ યાર્ડો સદંતર બંધ જેવી દશામાં રહ્યા હતા અને ત્યાર બાદ ચાલુ થયા હતા.હાલમાં વેપારીઓ ખેડુતોને ચેક અને આરટીજીએસથી પૈસા ચુકવવાનું ચાલુ કર્યુ છે.રાજ્યમાં કુલ ૨૧૭ માર્કેટીંગ યાર્ડો આવેલા છે. જેમાંથી ૧૩ યાર્ડ સ્થગિત હાલતમાં પડ્યા છે.વેપારીઓ ખેડુતોને ચેક આપી છુટી જાય છે જ્યારે ચેકને ક્લીયર થતાં આઠ દિવસ લાગે છે.જ્યારે ચેક જમા થાય ત્યારે ખેડુતોને માંડ પાંચ હજાર જેટલી રકમ મળે છે.ગ્રામ્ય વિસ્તારની બેન્કોને કરન્સી ચેસ્ટ તરફથી ડિમાન્ડ મુજબ નવી નોટ મળતી નથી. તેના કારણે ખેડુતોની હાલત દયા જનક બની છે.

ખેડુતો પોતાની બચત પણ બેંકમાં કેવી રીતે ભરવી તેની પણ ઢીધામાં છે અનેક ખેડુતો પાસે પોતાની હાથ ઉપર મોટી રકમો પડેલ છે જે ખેત વપરાશ માટેની હોય છે. અને તે ચલણમાંથી નાબુદ કરવામાં આવેલ નોટો છે.જેના કારણે તેમની મહામુલી મુડી અને બચતને ભારે નુકશાન પહોચ્યું છે.

રતિલાલ કે.જાદવ


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી


સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ઉરીમાં પાકિસ્તાને અને નોટબંધીમાં આપણી સરકારે હુમલો કર્યો છે : શિવસેના

શિવસેનાએ અત્યાર સુધી ભાજપ સાથે રહીને તેનો વિરોધ કરતી હવે પરંતુ હવે તેણે કોંગ્રેસનું સમર્થન પણ શરુ કરી દીધું છે.નોટબંધીના મામલે કોંગ્રેસના નેતા ગુલામનબી આઝાદે રાજ્યસભામાં કરેલા વિવાદાસ્પદ નિવેદનનું શિવસેનાએ સમર્થન કર્યું હતું. આઝાદે કહ્યુ હતું કે મોદી સરકારની ખોટી નીતીઓને કારણે જેટલા લોકો મર્યા છે તેના કરતાં અડધાથી ઓછા લોકો પાકિસ્તાની આતંકીઓએ કરેલા ઉરીના હુમલામાં મર્યા છે.ભાજપે આ નિવેદનના મામલે આઝાદ અને કોંગ્રેસ માફી માંગે તેવી માંગણી કરી છે. ત્યારે શિવસેનાએ તેનો બચાવ કર્યો છે.

શિવસેનાના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં પ્રશ્ન કરાયો કે શું આઝાદ દ્વારા માફી માંગવાથી હકીકત બદલાઇ જશે?ઉરીમાં ૨૦ જવાનો શહીદ થયા હતા. પરંતુ ૫૦૦-૧૦૦૦ની નોટબંધીને કારણે ૪૦ બહાદુર દેશભક્તોએ જીવ ગુમાવ્યા છે.ફર્ક હુમલાખોરોનો છે. ઉરીમાં પાકિસ્તાને આપણા પર હુમલો કર્યો હતો, જ્યારે અંહી(નોટબંધીમાં )આપણા શાસકો જ પોતાની પર હુમલો કર્યો છે. સામનામાં લખાયું હતું કે જો ફુગાવો,મંદી અને બેરોજગારીને કારણે મૃત્યુઆંક ૪૦ થી વ ધીને ૪૦ લાખ થઇ જશે તો પણ આ સરકાર કહેશે કે તે બધા દેશપ્રેમનો ભોગ બન્યા . આપણે માત્ર આશા રાખીએ કે એક સમય એવો આવશે કે આપણે સમગ્ર દેશને શહીદ જાહેર કરી દેવો પડશે.

સરકાર નોટબંધીના મામલે વિપક્ષોના પ્રહાર તો સહન કરી જ રહી છે.ત્યારે તેના સાથી પક્ષ શિવસેનાનો આ વેધક પ્રહાર તેના માટે અસહ્ય બની જશે તેમ લાગે છે.બે દિવસ પહેલાં જ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે શિવસેનાના પ્રમુખ



ઉદ્ધવ ઠાકરે સાથે વાત કરી હતી અને શિવસેનાએ આ મુદ્દે કરેલી ટીપ્પણી અંગે નારાજગી દર્શાવી હતી.જો કે શિવસેનાને તેનાથી કોઇ ફર્ક પડ્યો નથી તેમ જણાય છે.

જો કે વારંવાર શિવસેના દ્વારા સરકારની ટીકાઓને કારણે ભાજપમાં હવે તેની નોધ લેવાઇ રહી છે.સાથી પક્ષ તરીકે મનાવી લેવાશે તેવી ગણતરીઓ ચાલતી હતી પરંતુ હવે શિવસેનાએ જોરદાર રીતે સરકારના કાન આમળવાનું ચાલુ કરતાં ભાજપમાં નોધ લેવાઇ રહી છે.

# ભારતમાં કેન્દ્ર સરકારે મોટી નોટબંધીના કરેલા નિર્ણયની ચીની મીડીયાએ ટીકા કરતાં કહ્યુ કે આ એક મોંઘી રાજકીય મજાક બની શકે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ચલણમાંથી રુ.૫૦૦ અને ૧૦૦૦ની નોટ રદ કરતાં તેની ટીકા કરતાં ચીની મીડીયાએ કહ્યુ હતું કે વડાપ્રધાન મોદી ગેરકાયદેસરની રોકડ અને બનાવટી ચલણ નાબુદ કરવાના વચનને અદા કરવામાં નિષ્ફળ જશે તો ૫૦૦-૧૦૦૦ની ચલણી નોટો બંધ કરવાનો તેમનો નિર્ણય તેમના માટે એક મોંઘો રાજકીય જોક(મજાક) પુરવાર થશે તેમ ચીની મીડીયાના નિષ્ણાંતોનું માનવુ છે.

તેમના તરફથી જાણવા મળ્યુ હતું કે અસંગઠિત સેકટર નોટબંધી પગલાંનો બોજ સહન કરી રહયું છે.ઉલ્લેખનીય છે કે ચીની મીડિયા અને નિષ્ણાંતો ચલણને નાબુદ કરવાના નિર્ણય અને તેના સંભવિત પરિણામો પર બારીકાઇથી નજર રાખી રહ્યા છે.ચીનમાં પણ ૨૦૧૩થી પ્રમુખ જિનપિંગની સરકાર ભ્રષ્ટાચાર વિરોધી ઝુંબેશ ચલાવી રહી છે.નિષ્ણાંતો કહે છે કે સરકાર જુની બેંકનોટ બંધ કરવામાં ઘણી આશા મુકી રહી છે. અગાઉનો અનુભવ દર્શાવે છે કે બ્લેક માર્કેટ આર્થિક માળખાા અને ટેક્સ સિસ્ટમમાં ફેરફારો સાથે નજીકથી જોડાયેલું હોય છે.

જો કે વિવિધ દેશોમાં ચલણી નોટો નાબુદ કરવાના પગલાંમાં મોટાભાગના દેશો સફળ રહ્યા નથી તેવું જાણકારોનું મંતવ્ય છે. પરંતુ આપણા દેશમાં આવનારા દિવસો જણાવશે કે મોદી સરકારનું પગલું કેટલું વ્યાજબી હતું.હજુ સુધી આવો નિર્ણય કરવામાં પીએમ મોદીએ સાહસિકતા બતાવી છે પરંતુ તેની દુરોગામી અસરો શું પડશે તે સમય બતાવી આપશે.

# ભાજપના પુર્વ પ્રધાન અરુણ શૌરીએ નોટબંધીનો સરકારનો નિર્ણય સમજ્યા વિચાર્યા વગરનો ગણાવ્યો

નોટબંધી કરવાનો સરકારનો નિર્ણય બાબતે વિરોધપક્ષોએ મોદી સરકારને ભીડવા પ્રયત્નો કર્યા છે.ત્યારે અટલ બિહારી બાજપાઇની સરકારમાં પ્રધાન રહી ચુકેલા ભાજપના પુર્વ પ્રધાન અરુણ શૌરીએ મોદી સરકારની આકરી ટીકા કરતાં કહ્યુ હતું કે સરકારનો આ નિર્ણય સમજ્યા વિચાર્યા વગરનો છે. જો કે આ નિર્ણય સારા હેતુથી લેવામાં આવેલો હોવો જોઇએ પમ તે માટેનું આયોજન નથી.જે લોકોએ મોદીના આ નિર્ણયને સાહસિક ગણાવ્યો છે તેમને કટાક્ષમાં કહ્યુ હતું કે કુવામાં કુદી પડવું એ પણ સાહસ છે. આત્મહત્યા કરવી એ પણ સાહસ છે.

જ્યારે મોટી નોટો રદ કરવાના મામલે ભાજપના સાથી પક્ષ શિવસેનાએ સરકાર સામે મોરચો માંડ્યો છે.ત્યારે સંઘના પુર્વ પ્રચારક અને ભાજપના નેતા રહી ચુકેલા ગોવિંદાચાર્યે સરકારને આ મુદ્દે નોટીસ મોકલી છે. જે લોકો નોટો બદલવા કે જમા કરાવવા માટે લાઇનમાં ઉભા રહીને મૃત્યુ પામ્યા છે તેમને વળતર આપવા તેમણે માંગણી કરી છે. તેણે આ મુદ્દે આરબીઆઇના ગવર્નર ઉર્જિત પટેલને નોટીસો મોકલી છે.જ્યારે સામાજિક કાર્યકર અણ્ણા હજારેએ મોટી નોટો રદ કરવાનો સરકારનો નિર્ણય ક્રાંતિકારી ગણાવ્યો હતો.આનાથી મહદઅંશે બ્લેક મની,ભ્રષ્ટાચાર અને ટેરર ફન્ડીંગનાં દુષણને નાબુદ કરી શકાશે.અગાઉની સરકારો બ્લેક મની પર ત્રાટકવા માટે આવું હિંમતભર્યુ પગલું લેવા અસમર્થ રહી હતી.જો કે મોદીના ટીકાકારો અને સમર્થકો બેઉ વચ્ચે નોટબંધીના બાબતે મોટો ટકરાવ ઉભો કરાઇ રહ્યો છે.નિર્ણયોની આડે આવનારાની ટીકા કરાઇ રહી છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# કેન્દ્ર સરકારને ત્રણ દિવસની મેહતલમાં નોટબંધી પાછી ખેચવા મમતા-કેજરીવાલની ચેતવણી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કેન્દ્રની મોદી સરકારને ચેતવણી આપી છે કે જો તે ત્રણ દિવસની અંદર નોટબંધીનો નિર્ણય રદ નહીં કરે તો બળવો થઇ જશે.રાજધાનીના આઝાદપુર ફળ બજારમાં એક રેલીને સંબોધન કરતાં કેજરીવાલે રુ.૫૦૦ અને રુ ૧૦૦૦ની ચલણી નોટ બંધ કરવાના વડા પ્રધાન મોદીના નિર્ણય સામે એક કાવતરાનો આરોપ મુક્યો હતો.જેના કારણે દેશભરમાં રોકડને લઇને અવ્યવસ્થા ફેલાઇ છે. નોટબંધી પછીની અસરને સંકટ બતાવતાં કેજરીવાલે કહ્યુ હતું કે લોકોની પાસે જીવન જરુરીયાતની ચીજો ખરીદવા માટે પૈસા જ નથી.જો આ પગલુ ખરેખર ભ્રષ્ટાચાર અને કાળા નાણાંની વિરોધમાં હોત તો તમારુ પહેલું સમર્થન કરનાર અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી હોત.તમે આ નિર્ણયને ત્રણ દિવસમાં બદલી નાંખો,લોકોની ધીરજની પરીક્ષા ન લેશો નહિતર લોકો બળવો કરી દેશે.

કેજરીવાલે સરકાર પર આરોપ મુકતાં કહયુ હતું કે આઝાદી પછીનું આ સૌથી મોટું કરન્સી કૌભાંડ છે.અને તેમાં ભાજપે તેના ઉદ્યોગપતિ મિત્રોને બચાવી લીધા છે.આ રેલીને સંબોધતા મમતા બેનરજીએ કહ્યુ હતુંકે સરકારના આ નિર્ણયે દેશમાં આર્થિક અસ્થિરતા લાવી દીધી છે.તેમણે કહ્યુ કે મોદી સરકારે શું કહ્યુ હતું અચ્છે દિન આવશે. શું આજ છે અચ્છે દિન. ટ્રકવાળાઓએ મને કહ્યુ કે તેમની પાસે વાહનચાલકોને આપવા માટે નાણાં નથી.ટ્રક દેશની જીવન રેખા છે. જો ટ્રક ચાલતી બંધ થઇ જશે તો મંડીઓમાં શાકભાજી અને ફળ આવવાનું બંધ થઇ જશે. લોકો ખાશે શું ? પોતાના બાળકો માટે ખાવાનું ખરીદવા માટે પૈસા નથી.આટલી ખરાબ પરિસ્થિતિ તો ૧૯૭૫૭૭ની ઇમર્જન્સીમાં પણ નહતી તેમ મમતાએ જણાવ્યુ હતું.પોતે એક ઇન્કમટેક્ષ અધિકારી રહી ચુક્યા છે તે વાત લોકોને યાદ અપાવતાં કેજરીવાલે કહ્યુ હતું કે તેમની સમજણની બહાર છે કે ૨૦૦૦ની નોટ બહાર પાડવાથી ભ્રષ્ટાચાર અને બ્લેક મની પર કેવી રીતે લગામ આવશે ?

## નોટબંધી આઝાદ ભારતનો સૌથી મોટો ગોટાળો : કેજરીવાલ

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે નોટબંધીને આઝાદ ભારતનો સૌથી મોટો ગોટાળો ગણાવીને આરોપ મુક્યો છે કે ભાજપ સરકારે આઠ લાખ કરોડ રુપીયાનુ કૌભાંડ કર્યુ છે.ફેસબુક પર પોતાની આ અંગેની લાઇવ વીડીયો મુક્યો હતો.જેમાં આક્ષેપો કર્યા હતા કે દેશના અબજોપતિઓના બેન્કના દેવાને કારણે સર્જાયેલી ખોટ પુરી કરવા માટે જ આ નોટબંધી લાગુ કરવામાં આવી છે.એક તરફ લોકો બેન્કોની બહાર લાઇનમાં ઉભા છે અને સરકાર અબજોપતિની સેવામાં લાગી છે.

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઇ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# આમ નાગરિકને પડી રહેલી મુશ્કેલીઓ બાબતે સુપ્રીમ કોર્ટે સરકારની ઝાટકણી કાઢી

નોટબંધીના મામલે સમગ્ર દેશમાં પ્રવર્તી રહેલી સ્થિતિ અંગે સુપ્રીમ કોર્ટે સરકારની બીજી વખત ઝાટકણી કાઢી હતી.અને ચેતવણીના સ્વરમાં કહ્યુ છે કે બેન્કો અને એટીએમની આગળ લાંબી લાઇનોની સમસ્યા અતિ ગંભીર છે.અને તેના કારણે દેશમાં રમખાણો થઇ શકે છે.તેમ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ ટી.એસ.ઠાકુરે રુપીયા ૫૦૦ અને રુ૧૦૦૦ની નોટ પરના પ્રતિબંધને પગલે દેશમાં પ્રવર્તી રહેલી સ્થિતિની ગંભીરતા દર્શાવતી અરજીના અનુસંધાનમાં કહ્યુ હતું.

તમે રુ ૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટો રદ્દી બનાવી દીધી છે.પણ ૧૦૦ રુપીયાની નોટનું શું ? તેવો સવાલ ચીફ જસ્ટીસે સરકારને કર્યો હતો.સરકારે તેના બચાવમાં કહ્યુ હતું કે એટીએમમાં સો રુપીયાની નોટ આવે તેવી વ્યવસ્થા છે તેને કારણે તેને રિકેલિબ્રેટ કરતાં વાર લાગશે. સુપ્રીમ કોર્ટે કરન્સી પ્રતિબંધને કારણે ટેકસ ચોરી અને કાળા નાંણાની સમસ્યા ઉકેલાઇ જશે કે કેમ તે અંગે પણ શંકા દર્શાવી હતી.સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે દેશમાં છેલ્લા દસ દિવસથી સરકાર બધું સરખું થઇ જશે અને લોકોને રાહત મળશે તેમ કરી રહી છે.છેલ્લી વખત તમે એમ કહેલું કે સરકાર લોકોની તકલીફો ઘટાડવા માટે પ્રયાસરત છે.

કોર્ટે પુછયુ કે તમે તો રુપીયા ૪૫૦૦ને બદલે ફકત રુ.૨૦૦૦ની ઉપાડની જ પરમિશન આપી છે.તમને સમસ્યા શું છે ?પ્રિન્ટીંગ પ્રોબ્લેમ છે ? તેવા સવાલ જસ્ટીસ ઠાકુરે કર્યા હતા.એટર્ની જનરલ મુકુલ રોહતગીએ તેના ઉત્તરમાં કહ્યુ હતું કે પ્રિન્ટીંગનો સવાલ નથી. સમગ્ર દેશમાં આવેલી બેન્કોની બ્રાંન્ચો અને એટીએમમાં તેને પહોચાડવી પડે તેમ છે. એટીએમ રીકેલિબ્રેટ કરવાં પડે તેમ છે. રોહતગીએ કહ્યુ કે સરકારે ખેડુતો અને જેમના ઘરમાં લગ્નો છે તેમને માટે રાહતજાહેર કરી છે. અરજદાર વતી હાજર રહેલા વકીલ કપિલ સિબ્બલે કહ્યુ હતું કે દુરદરાજના ગામડાઓમાં અને ઉત્તર પુર્વીય ભારતમાં લોકોને નવુ ચલણ મળતું નથી.તેનો જવાબમાં રોહતગીએ વાંધો લેતા કહ્યુ હતું કે કોગ્રેસ આ મુદ્દાને રાજકીય સ્વરુપ આપી રહી છે.સિબલે કહ્યુ કે સરકાર પાસે નોટો પ્રિન્ટ કરી શકવાની ક્ષમતા મર્યાદિત છે. દેશમાં ૨૩ લાખ કરોડની નોટની જરુર છે. સરકારે અત્યાર સુધીમાં રુપીયા ૧૪૦૦૦ કરોડ ફીજ કરી દીધા છે.અને તેમણે કયા કાયદા હેઠળ આમ કર્યુ છે તે સ્પષ્ટ નથી.

# નોટબંધી : વિદેશી મીડીયામાં ભારતની અંધાધુધીની ગંભીર નોંધ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રુ ૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટ રદ કરવાનો જે આંચકારુપ નિર્ણય લીધો તેને માત્ર ભારતની હેડલાઇન્સમાં જ પ્રાધાન્ય નથી મળ્યું પરંતુ આ નિર્ણયે વિશ્વભરમાં પણ ચર્ચાઓ શરુ કરી દીધી છે.મોદી હાલ તેમના સતત વિદેશ પ્રવાસોને કારણે ઇન્ટરનેશનલ મીડીયાના રડાર પર રહે છે.અને હવે તેઓના આ નોટબંધીના નિર્ણયને પણ વિદેશી મીડીયામાં વ્યાપકપણે કવરેજ પ્રાપ્ત થઇ રહ્યું છે.. જો કે મોદીના આ નિર્ણયને આવકારતાં પહેલા કેટલા મુદ્દે તેની ટીકા કરવાની તક પણ વિદેશી મીડીયાએ ઝડપી લીધી છે.વિશેષ કરીને નોટ બદલાવવા માટે સમગ્ર દેશમાં લાગતી લાંબી લાંબી લાઇનોને કારણે ફેલાયેલી અંધાધુંધી વિદેશી મીડીયાએ ચમકાવી છે.

ન્યુયોર્ક ટાઇમ્સે પણ એટીએમ બહાર ભારતીયોની કતારો વિશે લખ્યું છે. જોકે આ અખબારે મોદીના નોટબંધીના નિર્ણયને ડહાપણભર્યો પણ ગણાવ્યો છે.અન્ય અમેરિકન અખબાર વોશિગ્ટન પોર્ટ માં પણ મુખ્યત્વે આ મામલે પ્રતિક્રિયા હકારાત્મક આવી છે.જે પ્રમાણે મોદીનું આ કદમ ઘણું જ મહત્વાકાંક્ષી છે ને કાળા નાણાં પર તેમણે મારેલી તરાપ હોવાનું કહ્યુ છે.આ મુદ્દે લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો હોવાનું પણ તેમણે લખ્યુ છે.ડેઇલી મેઇલમાં લખાયું છે કે વડાપ્રધાન મોદીની ૫૬ઈંચની છાતી છે તે વાત બરોબર છે પણ તેમણે તેમના ૯૬ વર્ષના માતાને નોટ બદલાવવા માટે શું કરવા લાઇનમાં ઉભા રાખવાની જરુર પડી ? આ ઘટમાળમાં ફોર્બ્સ મેગેઝીને મોદીના નોટબંધીના નિર્ણયના પાંચ દિવસ પછી એક આર્ટિકલ છાપ્યો છે.' ઇન્ડીયાઝ ગ્રેટ બેન્ક નોટ સ્વિચ અપીયર્સ ટુ બી વર્કિંગ-૩૦ બિલિયન ઇન રુપીઝ ડિપોઝીટેડ ઇન બેન્કસ'નામના આ આર્ટીકલમાં લખાયું છે કે આ ઘટનાથી ચોક્કસપણે હોબાળો સર્જાશે પરંતુ વાસ્તવમાં જોવાનું તો એ છે કે આ નિર્ણય ખરેખર કેટલો ફળદાયી અને સચોટ રહે છે. સમગ્રપણે જો કે આ લેખમાં મોદીના નિર્ણયને ચતુરાઇપુર્વકનો ગણાવાયો છે.જયારે ઇન્ડિપેન્ડન્ટ નામના સિંગાપોરથી પ્રકાશિત થતા અખબારે 'મોદી ડઝ અ લી કુઆન યુ ટુ સ્ટેમ્પ આઉટ કરપ્શન ઇન ઇન્ડીયા'નામથી લેખ છાપ્યો છે.લી કુઆન યુ સિગાપોરના વડાપ્રધાન રહી ચુક્યા હતા.તેમને મોર્ડન સિગાપોરના આર્કિટેક્ટ ગણવામાં આવે છે

અનુ. પાન નં. ૪નું ચાલુ

વિપરિત છે.આ મામલે મે સૈધ્ધાન્તીક વલણ લીધું છે.કેમકે તેમના અભિપ્રાયમાં મોટા મુલ્યની નોટ્સ નાબુદ કરવાથી કાળુ નાણું ઓછુ કરવામાં મદદ મળશે. તેમણે કહ્યુ હતું કે આ પહેલી વખત છે કે મે સૈધ્ધાન્તિક વલણ દાખવ્યુ છે. જે કદાચ હું જે મુદ્દે સમર્થન ધરાવું છુ તે અન્યો કરતાં રાજકીયરીતે અલગ હોઇ શકે. તેણે મીડીયાને યાદ અપાવ્યું હતું કે એનડીએના સભ્ય હોવા છતાં મે રાષ્ટ્રપતિપદ માટે પ્રણવ મુકરજીનું સમર્થન કર્યુ હતું.જો કે વિરોધ પક્ષોએ નીતિશની આ મામલે ટીકા કરી હતી.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# સરકારે પ્રજા પર દમન કરવાનું બંધ કરવું જોઇએ - દેશ ભાવુકતાથી નહીં નિર્ણયોથી ચાલે છે : વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા

કેન્દ્રની મોદી સરકારની ટીકા કરતાં વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કહ્યુ હતું કે મોદી સરકારે કાળું નાણું ધરાવતા મોટા કરોડપતિઓના ઈશારે નોટબંધીનો નિર્ણય લીધો છે.કોગ્રેસે મોદીની ભાવુકતા સાથે છે.પરંતુ દેશ ભાવુકતાથી નહીં, નિર્ણયથી ચાલે છે. સરકારે ઉદ્યોગગૃહોના કરોડો રુપીયા માફ કરી દીધા પરંતુ ખેડુતોના ૧૫ હજાર રુપીયા માફ કર્યા નથી.પરિણામે તેમને આત્મહત્યા કરવી પડે છે.

વિપક્ષી નેતાએ મોટી ચલણી નોટો બંધ કરવાના સરકારના નિર્ણયની આકરી ઝાટકણી કાઢતાં કહ્યુ હતું કે કાળા નાણાં અને મોટી ચલણી નોટ બંધ કરવા વચ્ચે કોઈ સબંધ નથી.ભાજપ કાળાં નાણાંને રાષ્ટ્રભક્તિ સાથે જોડી પ્રજાની લાગણીઓ સાથે રમીને ગુમરાહ કરી રહી હોવાનો આક્ષેપ કરતાં તેમણે કહ્યુ હતું કે ઉદ્યોગગૃહોએ ભારતીય બેંકો પાસેથી રુ.૬ લાખ કરોડની લોનો લીધી છે. જેમાં અનિલ અંબાણી એ રુ.૧.૨૫લાખ કરોડ, એસ્સાર જુથે રુ.૧.૧ લાખ કરોડ અને અદાણીએ રુ.૯૬ હજાર કરોડની લોન લીધી છે. લોન લેનારાઓનું લીસ્ટ બહુ લાંબુ હોવાનું જણાવીને તેમણે ઉમેર્યું કે આ લોકો લોન ભરપાઈ કરતા નથી અને બેંકો પાસે પૈસા નથી.મુડીઝ રેટીંગ્સ બેકોમાં ૧ લાખ ૨૫ હજાર કરોડ નાંખવાનું કહ્યુ હોવાથી નોટબંધીનો નિર્ણય લેવાયો અને આજે બેંકો પાસે રુ.૫-૬ લાખ કરોડ એકઠા થઈ ગયા છે.સરકારે નાગરિકો માટે પૈસા કાઢવાની લીમીટ મુકી છે. એ રીતે બેન્કો રુ.૧૧ લાખ કરોડ વધશે, જે ફરીથી ઉદ્યોગોને અપાશે. સરકારે માલ્યાના ૧૨૦૦ કરોડ સહિત ૬૩ મોટા લોકોના રુ. ૭ હજાર કરોડ રાઈટઓફ કરી દીધા છે.સરકારી બેન્કોમાં કોના કેટલા કાળા નાણાં જમા થયા તેની યાદી પ્રસિધ્ધ કરવાની માંગ કરતાં વિપક્ષી નેતાએ કહ્યુ હતું કે શું આ નિર્ણયથી કાળું નાણું પેદા નહીં થાય ? જો ભારત સરકાર આ બાબતની ગેરંટી ન આપી શકતી હોય તો નબળો ઘણી બૈરી પર શુરો એ ન્યાયે નિર્દોષ પ્રજા પર દમન ગુજારવાનું બંધ કરવું જોઈએ અને લોકોને પૈસા મળે તે માટેની વૈકલ્પિક વ્યવસ્થા વધારવી જોઈએ, ઝડપી બનાવવી જોઈએ.

# સરકાર હદ ના વટાવે તે જોવાનુ કામ ન્યાયતંત્રનું છે: ચીફ જસ્ટીસ સુપ્રીમ કોર્ટ

દેશભરમાં ન્યાયમુર્તિઓની નિયુક્તિમાં વિલંબના મુદ્દે કેન્દ્રની મોદી સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે વાગ્યુધ્ધ ચરમસીમાએ પહોચી ગયું છે.ન્યાયતંત્ર અને મોદી સરકાર વચ્ચે તણખા ઝર્યા છે.ચીફ જસ્ટીસ ટી.એસ.ઠાકુરે દેશભરની હાઈકોર્ટમાં ૫૦૦ જજીસની જગ્યા ખાલી છે અને ટ્રિબ્યુનલોમાં અપુરતી સગવડોના કારણે કોઈ નિવૃત ન્યાયમુર્તિ ત્યાં પદ સંભાળવા તૈયાર નથી એમ કહીને સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.સરકાર પક્ષે વળતા પ્રહાર રુપે કેન્દ્રીયકાયદા મંત્રી રવિશંકર પ્રસાદે ન્યાયમુર્તિઓની નિયુક્તીના આંકડા આપ્યા હતા પણ એટર્ની જનરલ મુકુલ રોહતગીએ તો બહુ આકરા શબ્દોમાં કહ્યુ હતું કે ન્યાયતંત્રએ પોતાની લક્ષ્મણરેખા ના ઓળંગવી જોઈએ. સરકારના આ પ્રહારનો વળતો જવાબ આપતાં ચીફ જસ્ટીસે કહ્યુ હતું કે સરકાર લક્ષ્મણ રેખા ના ઓળંગે તે જોવાનું કામ ન્યાયતંત્રનું છે.

ચીફ જસ્ટીસ ઠાકુર વહીવટી સત્તામંડળના અખિલ ભારતીય સંમેલનને સંબોધન દરમિયાના કેન્દ્ર સરકાર પર પ્રહારો કરતાં કહ્યુ હતું કે હાઈકોર્ટમાં ૫૦૦ જજની જગ્યા ખાલી પડી છે. આજે આપણી પાસે કોર્ટ રુમ ખાલી પડ્યા છે.પણ જજ નથી.તેમણે જણાવ્યુ હતું કે સુપ્રીમ કોર્ટના કોઈ નિવૃત ન્યાયમુર્તિ ટ્રિબ્યુનલમાં જોડાવા તૈયાર નથી કારણકે ટ્રિબ્યુનલોમાં કોઈ ઈન્ફાસ્ટ્રકચર નથી. સરકાર તેમાં સગવડો આપતી નથી.

કાયદા મંત્રી રવિશંકર પ્રસાદે ન્યાયમુર્તિઓની નિયુક્તિના આંકડા આપ્યા બાદ કડવા વેણ ઉચ્ચારતાં કહ્યુ હતું કે દેશમાં ૧૯૭૫માં કટોકટી લદાઈ ત્યારે તમામ હાઈકોર્ટોએ તે વખતે હિંમત દાખવી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે ત્યારે નિરાશ કર્યા હતા.તેમણે સરકારની સર્વોપરિતા સાબિત કરવાનો પ્રયાસ કરતાં કહ્યુ હતું કે અદાલતો સરકારના આદેશ રદ કરી શકે છે. પરંતુ શાસન તો ચુંટાયેલી સરકારનું ચાલે છે.સરકારના મુખ્ય એડવોકેટ એવા એટર્ની જનરલ મુકુલ રોહતગીએ કાયદા પ્રધાન કરતાં પણ વધુ કડવા વેણ ઉચ્ચારતાં કહ્યુ હતું કે ન્યાયતંત્રએ પોતાની લક્ષ્મણ રેખા યાદ રાખવી જોઈએ અને ન્યાયતંત્રએ પણ આત્મ સમીક્ષા માટે તૈયાર રહેવું જોઈએ.

ચીફ જસ્ટીશે રોહતગીનો જવાબ આપતાં કહ્યુ હતુ ંકે સરકારના કોઈપણ વિભાગે લક્ષ્મણ રેખા ઓળંગવી ના જોઈએ અને દરેક તેની મર્યાદામાં રહે અને લક્ષ્મણરેખા ન ઓળંગે તે જોવાનું કામ પણ ન્યાયતંત્રનું છે.સંસદ કાયદો રચી શકે છે પરંતુ કોર્ટ પાસે જો તે કાયદો બંધારણને અનુરુપ ના હોય તો તે રદ કરવાની પણ સત્તા છે. ન્યાયમુર્તિઓની રચનાની કોલેજીયમની હાલની વ્યવસ્થા રદ કરી તેને બદલે જયુડીશીયલ કમિશન રચવાના મુદ્દે સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે લાંબા સમયથી સંઘર્ષ સર્જાયો છે.કોલેજીયમે ૪૦થી વધુ ન્યાયમુર્તિઓની કરેલી ભલામણ સરકારે રદ કરવાથી વિવાદ ઘેરો બન્યો છે.

# મા-બાપના ઘરમાં રહેવાનો દીકરાને કાયદાકીય હક નથી : હાઇકોર્ટ

## માં-બાપની દયા પર જ અને તેમની ઇચ્છા હોય ત્યાં સુધી રહી શકે છે

દિલ્હી હાઈકોર્ટે એક ચુકાદામાં કહ્યુ છે કે દીકરાને મા-બાપની માલિકીના મકાનમાં રહેવાનો કોઈ જ કાયદેસર અધિકાર નથી.તે માત્ર તેના માં- બાપની દયા પર જ નિર્ભર છે.હાઈકોર્ટે કહ્યુ કે દિકરો પરણેલો હોય કે નહીં તેની સાથે કોઈ નિસ્બત નથી. કોર્ટે કહ્યુ કે માતા-પિતા તેમના દિકરાને ત્યાં સુધી તેમની સાથે રહેવા દે છે જ્યાં સુધી તેમની વચ્ચે સારા સબંધો હોય છે. પરંતુ જો સબંધ સારા ન હોય તો જીવનભર તેનો બોજ વહન કરવો એવો તેનો અર્થ નથી.

જસ્ટીસ પ્રતિભા રાનીએ એક આદેશમાં કહ્યુ હતું કે મકાન માતા પિતાએ ખરીદેલું હોય,દીકરો પરિણિત હોય કે અપરિણિત પણ તેને તે મકાનમાં રહેવાનો કોઈ જ કાનુની હક નથી. તે મકાનમાં તે તેના માંબાપની દયા પરજ અને તેઓ જેટલો સમય ઈચ્છે તેટલા સમય જ રહી શકે છે.વૃધ્ધ દંપતીએ તેમની દીકરા અને વહુને ઘર પરનો કબજો ખાલી કરવા આદેશ કરવા ટ્રાયલ કોર્ટમાં અરજી કરી હતી જેમની તરફેણમાં ટ્રાયલ કોર્ટે ચુકાદો આપ્યો હતો.

# પંજાબની હાઇસીક્યોરીટી ધરાવતી નાભા જેલમાંથી આતંકીઓ ફરાર

દેશમાં જેલ તોડી ભાગવાના કિસ્સાઓ વધી રહ્યા છે.તાજેતરમાં મધ્ય પ્રદેશની જેલમાંથી સીમીના આતંકીઓ જેલ તોડીને ભાગી છુટ્યા હતા.હવે પંજાબની હાઈસીકયોરીટી ધરાવતી નાભા જેલમાંથી પોલીસની વર્ધીમાં આવીને વીસ જેટલા શસત્ર આતંકીઓએ હુમલો કરીને જેલમાથી ખાલિસ્તાની લિબરેશન આર્મી ફોર્સના મુખીયા ગણાતા હરમિન્દરસિંહ મિન્ટુ સહિત અન્યોને છોડાવી ગયા હતા.

દેશમાં સલામતીની બાંગો પોકારતી પોલીસને આતંકીઓ ધુળ ચટાડીને તેમની આબરુના ધજાગરા બોલાવી દીધા હતા.પોલીસ વર્દીમાં આવેલા આતંકીઓના નાટકની જાળમાં જેલ પોલીસ આવી ગઈ હતી.૧૦ મિનીટમાં ૨૦૦ ગોળીબાર કરીને જેલમાં રહેલા આતંકીઓને કવચ પુરી પાડી સુરક્ષિત જેલની બહાર કાઢીને લઈ ગયા હતા.

# નોટબંધી બાદ બેનામી સંપત્તિ પર પગલાં લેવા નીતીશની ભલામણ

નોટબંધીના વડાપ્રધાન મોદીના નિર્ણયને સાહસિક નિર્ણય ગણાવતાં બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે કહ્યુ હતું કે તેમણે આ મામલે સિધ્ધાંન્તિક વલણ દાખવ્યું છે.અને તેઓ માને છે કે આ પગલુ લેવાથી કાળા નાણાં સામેની લડાઈમાં મદદરુપ થશે. જો કે તેના અમલીકરણમાં કેટલીક ખામી હોવાનું પણ તેમણે કહ્યુ હતું.ભાજપના પ્રમુખ અમિત શાહ સાથે તેમની મુલાકાત આ સમર્થન માટે જ થઈ હોવાના અહેવાલોને તેમણે નકારી કાઢ્યા હતા.આ સાથે તેમણે બેનામી સંપત્તિ સામે પણ કાર્યવાહી કરવાની અને સમગ્ર દેશમાં શરાબબંધી લાગુ કરવાની કેન્દ્ર સરકારને અપીલ કરી હતી.

નીતીશકુમારે કહ્યુ હતું કે નોટબંધીના મામલે મારુ વલણ કોગ્રેસ,આરજેડી, અનો ભાજપ સિવાયના અન્ય રાજકીય પક્ષોથી

અનુસંધાન પાન નં ૩ ઉપર




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.